

કોમ્પ્યુટરાઇઝડ આઇ ટેસ્ટીંગ કોન્ટેક્ટ લેન્સ ક્લીનિક
યુ-૧ થી ૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત.
ફોન : 2666806, મો. 78744 44876 (પાર્કીંગની વ્યવસ્થા)



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



New Sheth P. T. Multispeciality Hospital
ન્યુ શેઠ પી. ટી. મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ
સુરત જનરલ હોસ્પિટલ - ડૉ. ભટ્ટ હોસ્પિટલની શાખા
ડૉ. અમર વખારીઆ
સિનિયર પ્લાસ્ટીક સર્જન
M.S., M.Ch. (Plastic Surgery)
: ઓ.પી.ડી. સમય :
સાંજે ૫.૩૦ થી ૭.૩૦
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ
યુનિવર્સલ બિઝનેશ સેન્ટર, 'બી' વિંગ, પેન્ટાલૂન શોરૂમ / શા. રતિલાલ જ્વેલર્સની ગલીમાં, મધુવન સર્કલ પાસે, એલ. પી. સવાણી રોડ, અડાજણ, સુરત.
Ph. 9327731021, 0261- 2994800, 2995800, 2383838



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૨ * * * સંવત ૨૦૮૧ મહા સુદ ત્રીજ, શનિવાર ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૭૫ પાનાં ૧૦+૧૨ કિંમત ₹ ૫.૦૦


# વિકાસ દર ધીમો, વધુ સુધારા જરૂરી: આર્થિક સર્વે

## આર્થિક સર્વે

### ચાલુ વર્ષે સોનુ સસ્તુ થશે, ચાંદી મોંઘી થશે

**નવી દિલ્હી.** શુક્રવારે સંસદમાં રજૂ કરાયેલા આર્થિક સર્વે ૨૦૨૪-૨૫ મુજબ, ૨૦૨૫માં સોનાના ભાવમાં ઘટાડો થવાની ધારણા છે જ્યારે ચાંદીના ભાવમાં વધારો થઈ શકે છે. ઓક્ટોબર ૨૦૨૪ માટે વિશ્વ બેંકના કોમોડિટી માર્કેટ આઉટલુકને ટાંકીને, આર્થિક સર્વેક્ષણમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે કે કોમોડિટીના ભાવમાં ૨૦૨૫માં ૫.૧ ટકા અને ૨૦૨૬માં ૧.૭ ટકાનો ઘટાડો થવાનો અંદાજ છે. કોમોડીટીના ભાવોમાં ઘટાડા એ ઓઇલની કિંમતોની આગેવાની હેઠળ થશે પરંતુ કુદરતી ગેસના ભાવમાં વધારો અને ધાતુઓ અને કૃષિ

...અનુસંધાન પાના 5 પર

### ભારતીય રૂપિયાનો કેનેડા, કોરિયા, બ્રાઝિલના ચલણો કરતા સારો દેખાવ રહ્યો

**નવી દિલ્હી.** શુક્રવારે સંસદમાં રજૂ કરાયેલા આર્થિક સર્વેક્ષણ મુજબ, ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ નવ મહિનામાં ભારતીય રૂપિયામાં સામાન્ય ૨.૯ ટકાનો ઘટાડો થયો છે, જે કેનેડિયન ડોલર, દક્ષિણ કોરિયન વોન અને બ્રાઝિલિયન રિયલ જેવી અન્ય ચલણો કરતાં વધુ સારો દેખાવ કરી રહ્યો છે. ભારતીય રૂપિયા (INR) નું મૂલ્ય બજાર-નિર્ધારિત છે, જેમાં કોઈ લક્ષ્ય કે ચોક્કસ સ્તર કે બેન્ડ નથી. વિવિધ સ્થાનિક અને વૈશ્વિક પરિબળો રૂપિયાના વિનિમય દરને પ્રભાવિત કરે છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ ના પ્રથમ

...અનુસંધાન પાના 5 પર

**ચાલુ** નાણાકીય વર્ષમાં દેશનો વિકાસ ૬.૩થી ૬.૮ ટકાના ધીમા દરે થવાનો આર્થિક સર્વેમાં અંદાજ

**વિકાસને** વેગ આપવા શ્રમ અને જમીન જેવા ક્ષેત્રોમાં સુધારાના પગલા જરૂરી

**વ્યવસાયો** પરના નિયંત્રણો હળવા કરવા રાજ્યોને આહ્વાન

**ફુગાવો** ઓછો થશે, ચાલુ નાણાકીય વર્ષમાં આર્થિક વિકાસ માટેની તકો અને જોખમો સરખા પ્રમાણમાં જણાય છે, ભૂ-રાજકીય અનિશ્ચિતતાઓ પણ એક મોટો અવરોધ

**નવી દિલ્હી, તા. 31 (PTI):** આગામી નાણાકીય વર્ષમાં ભારતનું અર્થતંત્ર ૬.૩-૬.૮ ટકાના દરે વૃદ્ધિ પામે તેવી શક્યતા છે, જે વિકસિત દેશ બનવા માટે જરૂરી છે તેના કરતા ઘણું ઓછું છે, અને સરકારના બજેટ પહેલાના આર્થિક સર્વેક્ષણ મુજબ, વિકાસને વેગ આપવા માટે જમીન અને શ્રમ જેવા ક્ષેત્રોમાં નિયંત્રણમુક્તિ અને સુધારાની જરૂર છે.

શુક્રવારે નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા સંસદમાં રજૂ કરાયેલા અર્થતંત્ર દસ્તાવેજમાં સૂચવવામાં આવ્યું છે કે ભારતનો વિશ્વને પાછળ મૂકી દેતો વિકાસ ધીમો પડી રહ્યો છે અને ૨૦૪૭ સુધીમાં વિકસીત ભારતનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે જરૂરી લગભગ ૮ ટકા વાર્ષિક દર પ્રાપ્ત કરવા માટે વધુ પગલાં લેવાની જરૂર છે. ૨૦૨૫-૨૬ (એપ્રિલ ૨૦૨૫ થી માર્ચ ૨૦૨૬ નાણાકીય વર્ષ) માં ૬.૩ ટકાથી ૬.૮ ટકાનો વિકાસ દર રહી શકે અને તેની સામે ૩૧ માર્ચે પૂરા થતા વર્તમાન વર્ષમાં અંદાજિત ૬.૪ ટકા વૃદ્ધિ દર છે - જે રોગચાળા પછીનો સૌથી નબળો છે - અને પાછલા ૨૦૨૩-૨૪ નાણાકીય વર્ષમાં વિકાસ દર ૮.૨ ટકા રહ્યો હતો.

કૃષિ ઉત્પાદનમાં સુધારો, ખાદ્ય ફુગાવામાં અપેક્ષિત ઘટાડો અને સ્થિર મેક્રો-આર્થિક વાતાવરણ દ્વારા સમર્થિત ગ્રામીણ માંગ નજીકના ગાળાના વિકાસ માટે સહાય પ્રદાન કરે છે, એ મુજબ મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરન, જેમણે નાણા મંત્રાલયમાં તેમની ટીમ સાથે મળીને આ અહેવાલ લખ્યો હતો તેમણે જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે, આગામી વર્ષે ભારતની આર્થિક સંભાવનાઓ માટેના જોખમો અને તકો સંતુલિત છે. ભૂ-રાજકીય અને વેપાર અનિશ્ચિતતાઓ સંભવિત કોમોડિટીના ભાવ આંચકાઓ સાથે મળીને અર્થતંત્રના વિકાસ માટે અવરોધો ઉભા કરે છે, સર્વેમાં જણાવાયું છે કે ભારતે આગામી એક કે બે દાયકામાં લગભગ 8 ટકાના દરે વૃદ્ધિ કરવાની જરૂર છે, અને 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્રના લાંબા ગાળાના આર્થિક લક્ષ્યને પૂર્ણ કરવા માટે રોકાણ દર GDPના વર્તમાન 31 ટકાથી વધીને 35 ટકા થવો જોઈએ.

નિયમનમુક્તિ દ્વારા આર્થિક સ્વતંત્રતા વધારીને વિકાસના આંતરિક એન્જિનોને પુનર્જીવિત કરવાની હાકલ કરતા, અહેવાલમાં રાજ્યોને વ્યવસાયો પર ધોરણો અને નિયંત્રણો ઉદાર બનાવવાનું આહ્વાન કરવામાં આવ્યું છે. વધુ પડતા નિયમનો નવી પહેલો અને આર્થિક ગતિશીલતાને દબાવી દે છે એમ તે જણાવે છે. પ્રી-બજેટ દસ્તાવેજમાં આગાહી કરવામાં આવી હતી કે જાન્યુઆરીથી માર્ચ ક્વાર્ટરમાં ખાદ્ય ફુગાવો નરમ પડવાની શક્યતા છે કારણ કે નવા પાકના આગમન સાથે કેટલાક શાકભાજીના ભાવ મોસમી રીતે ઘટશે.

### વિકસિત ભારત બનવા માટે બે દાયકા સુધી 8 ટકા વિકાસ જોઇશે

**રોકાણ દર જીડીપીના 35 ટકા સુધી વધવો જોઈએ, 2030-32 સુધી વાર્ષિક 78.5 લાખ નવી બિન-ખેતી નોકરીઓનું સર્જન કરવું પડશે**

**નવી દિલ્હી.** ભારતે 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવા માટે બે દાયકા સુધી 8 ટકાના દરે વૃદ્ધિ કરવાની જરૂર છે, એમ શુક્રવારે રજૂ કરાયેલા આર્થિક સર્વેક્ષણમાં જણાવાયું હતું જેમાં મહત્વાકાંક્ષી લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે જમીન અને શ્રમ સહિત અનેક સુધારાઓ કરવા પર ભાર અપાયો હતો. તેમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે આ વૃદ્ધિ પ્રાપ્ત કરવા માટે, રોકાણ દર જીડીપીના 35 ટકા સુધી વધવો જોઈએ, જે વર્તમાન 31 ટકા છે, અને ઉત્પાદન ક્ષેત્રનો વધુ વિકાસ કરવો જોઈએ અને એઆઇ, રોબોટિક્સ અને બાયોટેકનોલોજી જેવી ઉભરતી તકનીકોમાં રોકાણ કરવું જોઈએ. ભારતને 2030-32 સુધી વાર્ષિક 78.5 લાખ નવી બિન-ખેતી નોકરીઓનું સર્જન કરવું પડશે, 100 ટકા સાક્ષરતા પ્રાપ્ત કરવી પડશે, આપણી શિક્ષણ સંસ્થાઓની ગુણવત્તા વિકસાવવી પડશે અને ઉચ્ચ-ગુણવત્તાવાળી, ભવિષ્ય માટે તૈયાર માળખાગત સુવિધાઓ વિકસાવવી પડશે. 'ભારતને જે ઝડપી આર્થિક વૃદ્ધિની જરૂર છે તે ફક્ત ત્યારે જ શક્ય છે જો કેન્દ્ર અને રાજ્ય સરકારો એવા સુધારાઓ લાગુ કરવાનું ચાલુ રાખે જે નાના અને મધ્યમ ઉદ્યોગોને કાર્યક્ષમ રીતે કાર્ય કરવા અને કોસ્ટ-ઈફેક્ટીવ રીતે સ્પર્ધા કરવા દે', એમ આર્થિક સર્વે 2024-25 માં જણાવાયું હતું.

### ૧૪૦ પ્રકારના ગુલાબ, ફૂલોની ઘડિયાળ ખાસ આકર્ષણો

## રાષ્ટ્રપતિ ભવનનું અમૃત ઉદ્યાન રવિવારે ખુલ્લું મુકાશે



**ચંપાના** ફૂલોનો બગીચો મંત્રમુગ્ધ કરનારો બની રહેવાની આશા

**સોમવાર** સિવાય સપ્તાહના છ દિવસ જાહેર જનતા માટે આ ઉદ્યાન ખુલ્લું રહેશે

**નવી દિલ્હી, તા. 31:** રાષ્ટ્રપતિભવનનું સુપ્રસિદ્ધ અમૃત ઉદ્યાન રવિવારે જાહેર જનતા જોઇ શકે તે માટે ખુલ્લુ મૂકાશે, જેમાં ૧૪૦ જુદા જુદા પ્રકારના ગુલાબ પ્રદર્શિત કરવામાં આવશે, જ્યારે ફૂલોની એક ઘડિયાળ અને બાલ વાટીકા એ પણ ખાસ આકર્ષણો છે.

આ વર્ષે મુલાકાતીઓને સંખ્યાબંધ રંગબેરંગી ચંપાના પુષ્પોના તરૂઓ જોવા મળશે, જેમના પર સરસ સુગંધિત ફૂલો આવ્યા છે અને ચાર લાખ કરતા વધુ છોડવાઓ છે એ મુજબ

...અનુસંધાન પાના 5 પર

## સોનિયાએ રાષ્ટ્રપતિ મુર્મુને 'બિચારા' ગણાવતા ભારે વિવાદ

**સંસદને** રાષ્ટ્રપતિના સંબોધન પછી સંસદની બહાર ચર્ચામાં સોનિયા ગાંધીએ કહ્યું કે પ્રવચનને અંતે 'રાષ્ટ્રપતિ ખૂબ થાકી ગયેલા જણાતા હતા, માંડ માંડ બોલી શક્યા, બિચારા'

**સોનિયાની** આ ટિપ્પણીનો વીડિયો પણ ફરતો થયો, ભાજપે કહ્યું કે સોનિયા માફી માગે





**નવી દિલ્હી, તા. 31:** કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આજે સંસદને રાષ્ટ્રપતિના સંબોધન પછી પોતાની ટિપ્પણીમાં રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુને થાકી ગયેલા અને બિચારા ગણાવતા ભારે વિવાદ થયો હતો અને ભાજપે સોનિયા પાસે માફીની માગણી કરી હતી.

આજે બજેટ સત્રના આરંભે સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને રાષ્ટ્રપતિ મુર્મુએ સંબોધન કર્યું હતું. આ સંબોધન પછી કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ અને વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીએ સંસદની બહાર આ પ્રવચન અંગે પોતાનો પ્રતિભાવ આપતા કહ્યું હતું કે ''પ્રવચનના અંત સુધી રાષ્ટ્રપતિ ઘણા થાકી ગયા હતા. તેઓ જેમ તેમ બોલી શક્યા, બિચારા''. સોનિયાના આ પ્રતિભાવથી ભારે વિવાદ ઉભો થયો હતો અને શાસક ભાજપે આને રાષ્ટ્રપતિનું અપમાન ગણાવ્યું હતું અને સોનિયા ગાંધી માફી માગે તેવી માગણી કરી હતી. સંબોધન પછી સંસદની બહાર ચર્ચા દરમ્યાન સોનિયાએ આ ટિપ્પણી કરી હતી જે સમયે તેમના સાંસદ સંતાનો રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી પણ હાજર હતા. સોનિયા આ બોલતા હોય તેવો વીડિયો પણ સોશ્યલ મીડિયા પર ફરતો થયો હતો. ચર્ચા દરમ્યાન, રાહુલ પોતાની માતાને એમ પણ પૂછતા સંભળાયા કે રાષ્ટ્રપતિનું સંબોધન કંટાળાજનક લાગ્યું? જ્યારે

...અનુસંધાન પાના 5 પર

### રાષ્ટ્રપતિના સંબોધન અંગે કોંગ્રેસ નેતાની ટિપ્પણી અપમાનજનક, દુર્ભાગ્યપૂર્ણ: રાષ્ટ્રપતિભવન

**નવી દિલ્હી.** સંસદને રાષ્ટ્રપતિના સંબોધન પછી સોનિયા ગાંધીએ તેમને બિચારા ગણાવતી જે ટિપ્પણી કરી તેના અંગે પ્રતિભાવ આપતા રાષ્ટ્રપતિભવને આજે કહ્યું હતું કે કોંગ્રેસના આ નેતાની આ ટિપ્પણીઓ નબળા સ્તરની, દુર્ભાગ્યપૂર્ણ અને સમગ્ર રીતે ટાળી જોઇએ તેવી હતી. એક નિવેદનમાં રાષ્ટ્રપતિની કચેરીએ કહ્યું હતું કે આવી ટિપ્પણીઓ ઉચ્ચ હોદ્દાની ગરિમાને નુકસાન પહોંચાડનારી અને તેથી અસ્વીકાર્ય છે. જ્યારે વડાપ્રધાન મોદીએ સોનિયા અને રાહુલ બંનેની ટિપ્પણીઓને સખત શબ્દોમાં વખોડતા કહ્યું હતું કે આ શાહી પરિવારનો અહંકાર

...અનુસંધાન પાના 5 પર

## આજે બજેટ: અનેક વર્ગોને ઉંચી આશાઓ

**આવકવેરા** દરોમાં ઘટાડો, સ્લેબમાં ફેરફારની ઘણી આશા

**મોદીની** ટિપ્પણીઓ પછી નીચલા મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગને ઉંચી આશાઓ

**નિર્મલાના** આઠમા બજેટને ફાઇનલ ટચ અપાઇ ગયો



**નવી દિલ્હી, તા. 31 (PTI):** નાણામંત્રી નિર્મલા સીતારમણના સતત આઠમા બજેટમાં ઊંચા ભાવ અને સ્થિર વેતન વૃદ્ધિ સામે સંઘર્ષ કરી રહેલા મધ્યમ વર્ગના બોજને હળવો કરવા માટે આવકવેરાના દરો/સ્લેબમાં ઘટાડો અથવા ફેરફાર થવાની અપેક્ષા છે.

૧ એપ્રિલથી શરૂ થતા નાણાકીય વર્ષ માટેના બજેટમાં નાણાકીય બાબતોમાં સાવચેતીભર્યા રહીને નબળા આર્થિક વિકાસને વેગ આપવાના પગલાં લેવાનું અપેક્ષિત છે. તેમાં નાણાકીય ખાધને ઘટાડવાના રોડમેપને વળગી રહીને વપરાશ વધારવાના પગલાં પર ધ્યાન કેન્દ્રિત કરવાની શક્યતા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગરીબ અને મધ્યમ વર્ગને ઉન્નત બનાવવા માટે સંપત્તિની દેવીની આરાધના કર્યા પછી, ખાસ કરીને નીચલા મધ્યમ વર્ગ માટે આવકવેરામાં રાહતની અપેક્ષાઓ વધુ છે. હું દેવી લક્ષ્મીને પ્રાર્થના કરું છું કે દેશના ગરીબ અને મધ્યમ વર્ગને તેમના આશીર્વાદ મળે. એમ મોદીએ શુક્રવારે બજેટ સત્ર શરૂ થતાં પહેલાં સંસદની બહાર પત્રકારો સાથે વાત કરતા કહ્યું હતું.

ત્રીજા કાર્યકાળમાં તેમની સરકારનું પ્રથમ પૂર્ણ-વર્ષનું બજેટ ભૂ-રાજકીય અનિશ્ચિતતાઓ અને આર્થિક વિકાસ દર ચાર વર્ષના નીચલા સ્તરે ધીમો પડી જવાની પૃષ્ઠભૂમિ સામે રજૂ કરવામાં આવશે, જેમાં નવા

...અનુસંધાન પાના 5 પર

### અમેરિકામાં વિમાન-હેલિકોપ્ટર અકસ્માતના મૃતકોમાં બે ભારતીય મૂળના

**એરોસ્પેસ એન્જિનીયર વિકેશ પટેલ અને અસરા હુસૈન મૃતકોમાં સામેલ**

**વોશિંગ્ટન, તા. 31 (PTI):** અમેરિકાના રોનાલ્ડ રીગન નેશનલ એરપોર્ટ પર આર્મી હેલિકોપ્ટર અને જેટલાઈનર વચ્ચે થયેલા અકસ્માતમાં માર્યા ગયેલા 67 લોકોમાં ઓછામાં ઓછા બે ભારતીય મૂળનાં લોકો હતાં, એમ મીડિયા અહેવાલમાં જણાવાયું હતું. જીઈ એરોસ્પેસ એન્જિનીયર વિકેશ પટેલ અને વોશિંગ્ટન, ડીસીમાં રહેતી કન્સલ્ટન્ટ અસરા હુસૈન રઝા મૃતકોમાં સામેલ હતાં. ગ્રેટર સિનસિનાટીમાં રહેતા વિકેશ પટેલનું પદ હાલમાં જ બદલવામાં આવ્યું હતું, એમઆરઓ ટ્રાન્સફોર્મેશન લીડર તરીકે તેમને દેશભરમાં મુસાફરી કરવી પડતી હતી, એમ તેમના લિન્કેડઈન પેજથી જાણવા

...અનુસંધાન પાના 5 પર

## સપ્તાહના ૬૦ કલાકથી વધુ કામની આરોગ્ય પર વિપરીત અસરો થઇ શકે: આર્થિક સર્વે

**કામના** સ્થળે અનુકુળ માહોલ અને કર્મચારીઓની બહેતર લાઇફ સ્ટાઇલ પણ તેમની કાર્યક્ષમતામાં વૃદ્ધિ કરે છે

**નવી દિલ્હી, તા. 31 (PTI):** ૭૦-૯૦ કલાકના કાર્ય સપ્તાહ અંગે ચાલી રહેલી ચર્ચા વચ્ચે, શુક્રવારે પ્રી-બજેટ આર્થિક સર્વેક્ષણમાં અભ્યાસોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જેમાં જણાવાયું છે કે અઠવાડિયામાં ૬૦ કલાકથી વધુ સમય કામ પર વિતાવવો એ માનસિક સુખાકારી માટે હાનિકારક છે અને જે વ્યક્તિઓ ડેસ્ક પર ૧૨ કે તેથી વધુ કલાકો (દિવસ દીઠ) વિતાવે છે તેઓ માનસિક તનાવ અનુભવે છે કે માનસિક આરોગ્યનું સ્તર જાળવી રાખવામાં સંઘર્ષ કરે છે.

જ્યારે કામ પર વિતાવેલા કલાકોને અનૌપચારિક રીતે ઉત્પાદકતાનું માપ માનવામાં આવે છે, ત્યારે અગાઉના એક અભ્યાસમાં એ બાબતનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે જ્યારે કલાકો દર અઠવાડિયે ૫૫-૬૦ કલાકથી વધુ હોય છે, સર્વેક્ષણમાં પેગા એફ, નાફ્રાડી બી (૨૦૨૧) અને ડબ્લ્યુએચઓ/આઈએલઓના સંયુક્ત અંદાજોમાંથી રોગ અને ઈજાના કાર્ય સંબંધિત બોજ' ના તારણોને ટાંકીને કહેવામાં આવ્યું છે. સેપિઅન લેબ્સ સેન્ટર ફોર હ્યુમન બ્રેઈન એન્ડ માઈન્ડ દ્વારા કરવામાં આવેલા અભ્યાસને ટાંકીને સર્વેમાં જણાવાયું છે કે જે લોકો દિવસના ૧૨ કલાક કે તેથી વધુ સમય ડેસ્ક પર ગાળે છે તેમનામાં હતાશા આવી શકે છે કે તેઓ માનસિક આરોગ્યના સ્તરને જાળવી રાખવામાં સંઘર્ષ કરતા હોઈ શકે છે. અભ્યાસને ટાંકીને સર્વેમાં જણાવાયું છે કે બહેતર લાઈફસ્ટાઈલની

...અનુસંધાન પાના 5 પર

**ભારત જેવા દેશો લાંબા સમય સુધી કામદારો વિસ્થાપિત થાય તેવી સ્થિતિ સહન કરી શકે તેમ નથી**

## કામદારો પર AIની અસર: ભારતમાં વધુ ઘેરી સમસ્યા હશે

**એઆઇની** કામદારો પર અસર વિશ્વભરમાં અનુભવાશે પણ ભારતમાં તે વધુ ઘેરી હોઇ શકે છે: આર્થિક સર્વેક્ષણમાં ચેતવણી

**જો કંપનીઓ** એઆઇનો ઉપયોગ વિવેકપૂર્ણ રીતે અને સંવેદનશીલતાથી નહીં કરે તો સરકારને દખલગીરી કરવાની ફરજ પડી શકે છે

**આ વખતના** આર્થિક સર્વેમાં એઆઇની શ્રમિકો પર અસર અંગે એક આખું પ્રકરણ ફાળવવામાં આવ્યું

**નવી દિલ્હી, તા. 31 (PTI):** આર્થિક સર્વેક્ષણે આજે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ લેબર માર્કેટને ખોરવી નાખે તે બાબતને લગતા અજંપા અને ઉત્તેજના પર પ્રકાશ પાડ્યો હતો અને ચેતવણી આપી હતી કે જો કંપનીઓ એઆઈનો ઉપયોગ કરવામાં લાંબી સમયમર્યાદા માટે તેના યથાયોગ્ય ઉપયોગનો અભિગમ નહીં અપનાવે કે તેને સંવેદનશીલતા સાથે હાથ નહીં ધરે તો પછી નીતિગત હસ્તક્ષેપ અને નાણાકીય વળતર માટેની માગ એ ટાળી નહીં શકાય તેવી બાબત બનશે.

બજેટ પહેલાના આ દસ્તાવેજમાં આઈએમએફના એક પેપરને ટાંકવામાં આવ્યું હતું કે જેમાં કહેવાયું છે કે કામદારોના સ્થાને એઆઈનો ઉપયોગ કરનાર કોર્પોરેટ કંપનીઓના વધેલા નફા પર વેરો નાખવાની સરકારોને ફરજ પડી શકે છે. તે દરેકને મુશ્કેલ સ્થિતિમાં મૂકશે અને પરિણામરૂપે દેશના વિકાસની તકોને અસર થશે એમ તેણે ચેતવણી આપી હતી. જ્યાં શ્રમિકો વધુ પડતા છે તેવા ભારત જેવા દેશો લાંબા સમય સુધી કામદારો વિસ્થાપિત થાય તેવી સ્થિતિ સહન કરી શકે તેમ નથી એ મુજબ આર્થિક સર્વેમાં ભારપૂર્વક જણાવાયું હતું. આ વખતના આર્થિક સર્વેક્ષણમાં એઆઈના યુગમાં શ્રમ એ નામનું એક આખું પ્રકરણ ફાળવવામાં આવ્યું હતું જે એ વાતનું પ્રતિબિંબ પાડે છે કે આ મુદ્દાને કેટલી ગંભીરતાથી લેવામાં આવી રહ્યો છે.

...અનુસંધાન પાના 5 પર

### તા. ૩૧-૦૧-૨૦૨૫નું સુરત શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૧.૦° સે. | ૧૭.૦° સે. | ૨૮% |